જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૪/૦૪/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૫૮૧ લીટર દેશી દારૂ, ૧૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૭ બિયર ટીન, ૨ કાર, ૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૫૬૬/૨૦૨૩

**ખોખરાઃ** સુભાષભાઇ રમણલાલ ઠક્કર (ઉ.વ.૫૪) (રહે. ભાવના પાર્ક સોસાયટી વી.આઇ.પી.રોડ કારેલીબાગ વડોદરા)તા.૦૨/૦૪/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે બરોડા એક્સપ્રેસ હાઇ-વે થી શટલ ઓટોરીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષાના ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ સુભાષભાઇ ઠક્કરની નજર ચુકવી બેગમાંથી રોકડ રૂપિયા ૭૪,૨૦૦/- ચોરી કરી લઈ ખોખરા ભાઇપુરા રોડ જૈન મંદિર નજીક હાટકેશ્વર સર્કલ પાસે સેવન-ડે તરફ જવાના રસ્તે સુભાષભાઇ ઠક્કરને ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુભાષભાઇ ઠક્કરે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૬૭/૨૦૨૩**

**ઓઢવઃ** ઓઢવ દેવસ્ય સ્કુલ પાસે સાવલીન હાઇટસ નવી બનતી બિલ્ડીંગ ખાતે ત્રીજા માળે રહેતા અને ત્યાંજ કામ કરતા પાયલબહેન ઉર્ફે સીમાબહેન સત્યનારાયણ કોરી (ઉ.વ.૨૪) (મુળ વતન. પુરેમીધ ઉંચ ગાવ, તા.જી.મુલતાનપુર ઉત્તરપ્રદેશ) તા.0૬/03/૨0૨3 રાતના ૧/00 વાગ્યાના સુમારે બનતી સાઇટ પર ત્રીજા માળે અંધારામાં સિડીમાં પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.03/0૪/૨0૨3 બપોરના ૨/00 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૬૮/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** ચિરાગ સ/ઓ અશોકભાઇ મકવાણા (ઉ.વ.૧૫) (રહે. સવગણનગર વિભાગ-૧ મેટ્રો પીલ્લર નંબર-૫૪ સામે ભીલવાડા અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.0૨/0૪/૨0૨3 રાતના ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ છનાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** મયુર સ/ઓ સંજયભાઇ મનવર (ઉ.વ.૨૪) (રહે. ગોકુળ ગેલેક્ષી કઠવાડા ગામ રોડ કઠવાડા તા.દશક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.0૨/0૪/૨0૨3 રાતના ૯/00 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી